પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૫૪, કુલ પાના:૪, તારીખ: ૨૧-૦૬-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 254 PRICE :-RS. 1.50 DATE : 21-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


## પંજાબમાં ગ્રીન ફંગસનો દેશમાં પ્રથમ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

ચંડીગઢ,

ભારતમાં કોરોનાની બીજી લહેર ભારે સાબિત થઈ છે, આ સાથે દેશમાં ફંગશના કેસની સંખ્યા વધતા ચિંતામાં વધારો થયો છે. મ્યુકોરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસ સિવાય વ્હાઈટ અને યલ ફંગસના કેસે ચિંતા વધારી હતી ત્યારે હવે દેશમાં ગ્રીન કેસનો પહેલો કેસ નોંધાતા ચિંતામાં વધારો થયો છે. દેશમાં પંજાબમાં ગ્રીન ફંગસનો પહેલો કેસ નોંધાયો છે.

પંજાબના જલંધરમાં ગ્રીન ફંગસનો પહેલો કેસ સામે આવ્યો છે. આ અંગે સિવિલ હોસ્પિટલના ડૉક્ટર અને જિલ્લા એપિડેમિઓલોજીસ્ટ પરમવીર સિંહ જણાવે છે કે, "દર્દીએ કોરોનાને હરાવ્યો હતો. દર્દી સારવાર હેઠળ છે પરંતુ સ્થિતિ સ્થિર કહી શકાય તેવી નથી. આ અગાઉ પણ એક કેસ આવ્યો હતો પરંતુ તેની પુષ્ટી નહોતી થઈ."



બ્લેક ફંગસના કેસમાં દર્દીની આંખો, નાક, મગજ વગેરે સુધી ફંગસ પહોંચી જવાનો ખતરો રહેતા આંખ, જડબું વગેરે કાઢીને દર્દીને બચાવવાના પ્રયાસ કરતા હોય છે. ત્યારે હવે ગ્રીન ફંગસના કેસને લઈને ચિંતા ઘેરાઈ છે. અહીં પણ જોવા મળ્યું છે કે દર્દીએ કોરોનાને હરાવ્યા પછી આ પ્રકારનો રોગ જોવા મળ્યો છે.

ગ્રીન ફંગસ એસ્પરગિલોસિસ તરીકે પણ ઓળખાય છે. જોકે, સામાન્ય ભાષામાં લોકો ગ્રીન ફંગસ જ કહે છે. એક્સપર્ટનું માનીએ તો, એસ્પરજીલસ ઘણાં પ્રકારના હોય છે અને આ દર્દીના ફેફસામાં ઝડપથી ફંગલ ઈન્ફેક્શન ફેલાવે છે. આના કારણે ફેફસામાં પસ થઈ જાય છે અને બીમારીનું જોખમ વધી જાય છે.

નિષ્ણાતોનું માનીએ તો આ ઈન્ફેક્શન માત્ર શરીરની અંદર જ નહીં બહાર પણ દેખાય છે. ભારતમાં ગ્રીન ફંગસના પહેલા કેસ અંગે શ્રી અરબિંદો ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ચેસ્ટ વિભાગના પ્રમુખ ડૉ. રવિ દોશીનું કહેવું છે કે, કોરોનાથી સાજા થઈ રહેલા આ દર્દીએ પોતાનો ટેસ્ટ એ વિચારીને કરાવ્યો હતો કે તે બ્લેક ફંગસનો શિકાર થયો હશે પરંતુ તપાસ કરતાં તેને ગ્રીન ફંગસે જકડી લીધાનું માલૂમ થયું.






### કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું

## કોરોનાથી થતાં દરેક મૃત્યુ પર ૪ લાખનું વળતર આપવું શક્ય નથી

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કોરોના ચેપથી મૃત્યુ પામેલા લોકોનાં સગાઓને વળતર માટેની અરજી પર કેન્દ્ર સરકારનો જવાબ માંગ્યો હતો. હવે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપીને તેનો જવાબ આપ્યો છે. કેન્દ્ર સરકારે સોગંદનામામાં કહ્યું હતું કે, કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવનારાઓના પરિવારને રૂ .૪ લાખનું વળતર આપવું શક્ય નથી. કેન્દ્ર સરકારે તેના જવાબમાં કહ્યું છે કે દરેક કોરોના ચેપગ્રસ્ત દર્દીના મોતનું વળતર એ રાજ્યોની આર્થિક ક્ષમતાથી વધુ છે.



સુપ્રીમ કોર્ટને આપેલા સોગંદનામામાં, કેન્દ્ર સરકારે કહ્યું કે આપત્તિ અધિનિયમ હેઠળ ફરજિયાત વળતર માત્ર ધરતીકંપ, પૂર વગેરે કુદરતી આફતોને લાગુ પડે છે. સરકારે તેના જવાબમાં એમ પણ કહ્યું હતું કે જો કોઈ એક રોગને લીધે મૃત્યુ પર વળતર આપવામાં આવે છે અને બીજી બીમારી પર નહીં તો તે ખોટું હશે. તમને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કોરોના ચેપથી મૃત્યુ પામેલા લોકોનાં પરિવારો માટે ૪ લાખ રૂપિયા વળતરની માંગ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આપેલા જવાબમાં કહ્યું હતું કે કુદરતી આફતો માટેના વળતરને કોરોના રોગચાળા પર લાગુ કરવું કોઈપણ રીતે યોગ્ય રહેશે નહીં. આવકમાં ઘટાડો અને આરોગ્ય ખર્ચમાં વધારાને કારણે કેન્દ્ર સરકાર અને રાજ્યો પહેલાથી જ આર્થિક દબાણ હેઠળ છે. વળતર ચૂકવવા માટે સંસાધનોનો ઉપયોગ મહામારી સામે કાર્યવાહી અને આરોગ્ય ખર્ચને અસર કરી શકે છે. કોરોના રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૩,૮૫,૦૦૦થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં વધુ વધારો થવાની સંભાવના છે.

સોગંદનામામાં કેન્દ્ર સરકારે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું છે કે નીતિ બાબતો કાર્યપાલિકા પર છોડી દેવી જોઈએ અને ન્યાયતંત્ર વહીવટી વતી નિર્ણય લઈ શકતું નથી. કોરોના પીડિતો માટે મૃત્યુના પ્રમાણપત્રો પર સરકારે કહ્યું કે કોવિડ -૧૯ ચેપને કારણે થતાં મૃત્યુને મૃત્યુ પ્રમાણપત્રોમાં કોવિડ મૃત્યુ તરીકે પ્રમાણિત કરવામાં આવશે. કોવિડ મોતને પ્રમાણિત કરવામાં નિષ્ફળતા માટે સંબંધિત ડોકટરો સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

## બુલેટ ટ્રેન માટે સાબરમતીથી વટવા સુધી ચાર હજાર વૃક્ષો કાપવામાં આવશે

અમદાવાદ,

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે સાબરમતીથી વટવા સુધીના રૂટમાં આવતા આશરે ૪ હજારથી વધારે વૃક્ષ હટાવવામાં આવશે. પર્યાવરણની જાળમણીના ભાગરૂપે એનએચએસઆરસીએલ દ્વારા ૯૦ સેન્ટીમીટરથી વધુ ઘેરાવવાળા વૃક્ષોને કાપી દેવામાં આવશે. જ્યારે ઓછા ઘેરાવવાળા વૃક્ષોને અન્યત્ર ખસેડી ફરીથી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.



સાબરમતીથી મુંબઈ સુધીના ૫૦૮ કિલોમીટરના રુટ પર આગામી સમયમાં બુલેટ ટ્રેન દોડશે. જેથી હાલ કામગીરી શરુ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે અમદાવાદ સહિત ગુજરાતમાં જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયા બાદ જયાંથી બુલેટ ટ્રેન પસાર થવાની છે તે રૂટ પર એનએચએસઆરસીએલ દ્વારા પિલરની જગ્યાએ બંને તરફ આરઓડબ્લ્યુ પિલર (રાઈટ ઓફ વે પિલર) લગાવી દેવાયા છે.

સાબરમતીથી વટવા સુધી અમદાવાદ વિસ્તારની સાથે ગુજરાતમાં લગભગ ૯૫ ટકા જેટલી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થતા આખા રૂટ પર જયાં કોઈ સમસ્યા નથી ત્યાં આરઓડબ્લ્યુ પિલર લગાવી દેવાયા છે. વધુમાં આ રૂટ પર આવતા નાના મોટા વૃક્ષો હટાવવાની કામગીરી પણ હાલ એનએચએસઆરસીએલ દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ટુંકી મુદતની**

**જાહેર નિવિદા નં.-૦૨-સને-૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા જિલ્લો મહીસાગર-૩૮૯૨૩૦ દ્વારા નીચેના કામો માટે ટેન્ડર ઓફલાઈન માંગવામાં આવે છે.

(૧) કામનું નામ-એકશન પ્લાન ૨૦૨૧-૨૨ કાર્યક્રમ મરામત અને નિભાવણી અંતર્ગત ૨૫૦ મીમી, ૩૦૦ મીમી એસી પ્રેસર પાઈપલાઈન અને ૯૦ મીમી થી ૩૧૫ મીમી વ્યાસની પી.વી.સી. પાઈપલાઈનમાં જુદી-જુદી જગ્યાએ લીકેજીસ રીપેરીંગની કામગીરીની અંદાજીત કિંમત રૂા.૧.૪૬ લાખ (૨) એજન્સીની પાત્રતા-રજીસ્ટ્રેશનની નકલ, જી.એસ.ટી. નંબર, પાન કાર્ડ, ઈન્કમટેક્ષ રીટર્ન ૨૦૨૦-૨૧, બેંક સોલવન્સીની નકલ ધરાવેલા હોવા જઈએ. (૩) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. ટેન્ડરો ભરીને રજી. પોસ્ટ દ્વારા કચેરીમાં પરત સ્વીકારવાની છેલ્લી તા.૦૫/૦૭/૨૦૨૧ ના બપોર ૪.૦૦ કલાક સુધી છે. કામની વધુ વિગતો માટે ફોન નં.૦૨૬૭૪૨૫૧૫૮૦ અને મો. ૯૯૭૮૪૦૬૬૨૦ પર સંપર્ક સાધવો. ટેન્ડરને મંજુર કે નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારી પાસે અબાદીત રાખેલ છે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની તકલીફ અંગે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પ લાઈન નં. "૧૯૧૬" ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૨૩૮/૨૦૨૧

# સંજેલીમાં બીજા દિવસે પણ વરસાદી માહોલ જામ્યો


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીમાં છેલ્લા કેટલાક સમયથી ગરમી–બાફ–ઉકળાટથી પ્રજા તોબા પુકારી ઉઠી હતી. વાદળો હાથતાળી આપીને જતા રહેતા હતા. ત્યારે શનિવારના રોજ સંજેલીમાં સવારના અરસાથી વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બપોરના સમયે ધીમીધારે અચાનક મેઘરાજાની પધરામણી થતા ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. બીજા દિવસે પણ વરસાદી માહોલ જામ્યો હતો. જેને લઈ નગર ઠંડી ભર્યો માહોલ રહ્યો હતો. રેબઝેબ સેકાતી પ્રજાજનોએ ગરમીથી રાહત અનુભવી ઠંડીનો અહેસાસ માણ્યો હતો.

સંજેલીમાં મેઘરાજાની પધરામણી વરસાદમાં પડતા નગરમાં ઠંડક ભર્યો માહોલ પસરી જવા પામ્યો હતો. નગરજનોએ ગરમીથી રાહત અનુભવી હતી વરસાદ ખાબકતા પ્રથમ વરસાદમાં ન્હાવા માટે બાળકો ઉમટી પડ્યા હતા. સંજેલીમાં બાફ–ઉકળાટ વચ્ચે મેઘાનું આગમન થયું હતું. સિઝનનો પ્રથમ વરસાદ ખાબકતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો હતો બીજા દિવસે પણ વરસાદી માહોલ રહ્યો હતો. વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું.

સંજેલીમાં અચાનક વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. બીજા દિવસે પણ વરસાદી માહોલ જામ્યો હતો. ધીમીધારે વરસાદ ખાબકતા લોકોમાં ખુશીનું મોજું જોવા મળ્યું હતું વરસાદ પડતાની સાથેજ પ્લાસ્ટિકની ખરીદી કરવા લોકો ઉમટી પડચા હતા પ્લાસ્ટિક ઢાંકીને ઘરો, અથવા પશુઓને રહેવા માટે સગવડને ઉત્તમ બનાવી સુરક્ષીત રાખે છે.

# લીમડીના મકાન માંથી ગાંજો પકડતી LCB પોલીસ



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાંથી દાહોદ એલસીબી અને એસઓજી પોલીસને મળેલ બાતમીના આધારે એક સોસાયટી મકાનમાં ગાંજાનું વેચાણ થતું હોવાની બાતમી મળતાં પોલીસે ૦૪.૬૩ કિલો ગ્રામ કિંમત રૂા.૪૬,૩૦૦ ગાંજા સાથે એક ઈસમને ઝડપી પાડ્યાનું જાણવા મળે છે.

દાહોદ એલ.સી.બી અને એસ.ઓ.જી પોલીસને મળેલ બાતમીના આધારે ગત રોજ તા.૧૮મી જુનના રોજ ઝાલોદ તાલુકાના નાનકડા ગામ એવા લીમડી નગરમાં કાંતિકંચન સોસાયટીમાં ગાંજાનું વેચાણ થતું હોવાની પોલીસને બાતમી મળી હતી. તાત્કાલિક પોલીસ કાફલો કાંતિકંચન સોસાયટીમાં જવા રવાના થઈ હતી અને ત્યાં રહેતાં દિપકકુમાર ચંદ્રસેન સોનીના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં તેના મકાનમાંથી ૦૪.૬૩ કિલો ગ્રામ કિંમત રૂા. ૪૬,૩૦૦નો પાસ પરમીટ વગરનો વનસ્પતિજન્ય ભેજયુક્ત ગાંજો ગાંજા સાથે દિપકકુમાર ચંદ્રસેન સોનીને પોલીસે ઝડપી પાડ્યો હતો. બનાવને પગલે લીમડી નગર સહિત જીલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આટલા મોટા પ્રમાણમાં ગાંજો ક્યાંથી આવ્યો? તે એક ચર્ચાનો વિષય બનવા પામ્યો છે ત્યારે પોલીસની તપાસ દરમિયાન આ ભેદ ઉપરથી પણ પડદો ઉચકાશે તેવી પુરેપુરી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

# દાહોદમાં રવિવારના દિવસે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા જીલ્લાવાસીઓમાં રાહત

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ઘટતાં કોરોના સંક્રમણ વચ્ચે દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકોમાં અગાઉ જેવો કોરોનાનો ભય ઓછો થઈ રહ્યો છે અને લોકો સાવચેતી પણ રાખી રહ્યાં છે.

આર.ટી.પી.સી.આર.ના અને રેપીટ ટેસ્ટના ૨૭૮ મળી આજે એકપણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. આજે કોરોનાથી એક પણ દર્દી સાજો થયો ન હોવાને કારણે રજા પણ આપવામાં આવી ન હતી. ત્યારે દાહોદ જિલ્લામાં માત્ર ૦૫૦૭ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૨ને પાર થઈ ગયો છે.

# દાહોદના રાબડાળ બંધ પડેલી નર્મદા મીલમાં લાગી આગ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાળ ગામે બંધ પડેલી નર્મદા મીલમાં અગમ્યકારણોસર રાત્રી દરમ્યાન આગ ફાંટી નીકળતાં આગમાં કોઈ મોટુ નુંકસાન ન થયું હોવાની ચર્ચાઓ સાથે સદ્‌નસીબેન કોઈ જાનહાની ન થતાં મીલના માલિકે હાશકારો અનુભવ્યો હતો. ત્યારે ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે.

ગતરોજ તારીખ ૧૯.૦૬.૨૦૨૧ના રોજ મોડી રાત્રીના સમયે દાહોદ તાલુકાના રાબડાળ ગામે આવેલ અને ગ્રામ્ય પોલીસ મથક નજીક આવેલ તેમજ બંધ પડેલી નર્મદા મેદાની મીલમાં અગમ્યકારણોસર આગી લાગી હતી. આગની જાણ મીલના માલિક સહિત આસપાસના લોકોને થતાં તમામ મીલ પાસે પહોંચી ગયાં હતાં. વિસ્તારમાં મોડી રાત્રે આગને પગલે દોડધામના દ્રશ્યો પણ સર્જાયાં હતાં. આગની જાણ દાહોદ ફાયર ફાયટરના લાશ્કરોને કરાતાં મોડી રાત્રે ફાયર ફાઈટરોના લાશ્કરો પાણીના બંબા સાથે પહોંચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે, ધુમાડાના ગોટેગોટા હવામાં ફેલાઈ રહ્યાં હતાં. ફાયર ફાઈટરના લાશ્કરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, હાલ આ આગ લાગેલ મીલને તોડવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ લાગેલ આગમાં કોઈ મોટું નુકસાન ન થયું હોવાનું પણ કહેવાઈ રહ્યું છે અને સદ્‌નસીબેન આગમાં કોઈ જાનહાની ન થતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો. આગનું સાચુ કારણ હાલ જાણી નથી શકાયું.

# ઘરફોડી ચોરીના ગુનામાં નાસતા ફરતા બે આરોપીને ઝડપી પાડતી ધાનપુર પોલીસ



દાહોદ,

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સાડા સત્તર લાખની ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓને દાહોદ જિલ્લાની ધાનપુર પોલીસે બંને આરોપીઓને આંબાકાચ ગામેથી ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ ઝબ્બે કરવાની પોલીસ દ્વારા હાલ કામગીરી ચાલી રહી છે. ત્યારે આ કામગીરીમાં ધાનપુર પોલીસ પણ સક્રિય બની છે. ત્યારે ગતરોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં થયેલ સાડા ૧૭લાખની ઘરફોડ ચોરીના આરોપીઓ ચંદુભાઈ રાળુંભાઈ ભુરીયા તથા ભાણુંભાઈ મનુભાઈ ભુરીયા (બંને રહે.નવાનગર, પાણીવડીયા ફળિયું, તા.ધાનપુર જિ દાહોદ) નાઓ આંબાકાચ ગામે હોવાની ધાનપુર પોલીસને બાતમી મળતા પોલીસ કાફલો આંબાકાચ ગામે જવા રવાના થઇ ગયો હતો અને ત્યાં વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ઉપરોક્ત બંને આરોપીઓ પોલીસને જોવાતાની સાથે જ પોલીસે બંનેને દબોચી લીધા હતા. ધાનપુર પોલીસે ઉપરોક્ત બંને આરોપીઓને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા તાલુકાના પાધોરા ગામના

# આરોગ્ય કેન્દ્રમાં બોગસ રસીકરણ મુદ્દે ગામના લોકો આશ્ચર્યમાં


Ministry of Health & Family Welfare
Government of India

Provisional Certificate for COVID-19 Vaccination - 1st Dose

Beneficiary Details
Beneficiary Name: Maniben Pratapbhai
Age: 52
Gender: Female
ID Verified: Voter ID
Unique Health ID (UHID)
Beneficiary Reference ID

Vaccination Details
Vaccine Name: COVISHIELD
Date of Dose: 08 Apr 2021
Next due date: Between 01 Jul 2021 and 29 Jul 2021
Vaccinated by: Minaxiben Somabhai Solat
Vaccination at: Padhora PHC, Panchmahal, Gujarat

"Together, India will defeat COVID-19"

COWIN

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆને જાણ થતાં તપાસ કરવામાં આવી હતી.
- ઘોઘંબા તાલુકાના પાધોરા ગામના આરોગ્ય વિભાગની સામે આવી બેદરકારી.
- રસીકરણની બોગસ યાદી બનાવી હોવાનું ગામ લોકોનો આક્ષેપ.

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ધનેશ્વર ગામના યુવાને આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆને ટેલીફોનીક વાતચીત દ્વારા જણાવ્યું કે, તેઓ તેમની મમ્મી મણીબેન પ્રતાપભાઈને લઈને પાધોરા આરોગ્ય કેન્દ્રમાં કોરોનાની પ્રથમ રસી મુકાવવા ગયા હતા. પરંતુ આશ્ચર્યજનક રીતે જાણવા મળ્યું કે તેઓની મમ્મીને તો રસીકરણ નો પ્રથમ ડોઝ તા.૮/૪/૨૦૨૧ ના રોજ મુકાઈ ગયો છે. તે સાંભળીને ખુદ મણીબેન અને તેઓના પુત્ર પ્રવિણભાઈ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા.કારણ કે હજું સુધી મણીબેને કોઈપણ રસી મુકાવી નથી અને રસી મુકાવ્યાનું સર્ટીફીકેટ પણ બતાવવામાં આવ્યું હતું. ત્યારે આરોગ્ય કેન્દ્રના ડોક્ટરને પૂછ્યું ત્યારે ડોક્ટરે કહ્યું કે, અમારી ઉપર ઘણું દબાણ હતું. પરંતુ બેનને હમણાં રસી મુકી આપવામાં આવશે એવું ડોક્ટરે કહ્યું. ત્યારે પ્રવિણભાઈએ કહ્યું કે, આવા કેટલા લોકોની બોગસ યાદી બનાવી છે ? ત્યારે ડોક્ટર ગુસ્સામાં આવી ગયા હતા અને કહ્યું કે સરપંચને પૂછો કેટલું દબાણ હતું એમ કહી જવાબ ટાળ્યો હતો.

તેથી પ્રમુખ દિનેશ બારીઆએ આરોગ્ય કેન્દ્રમાં રૂબરૂ જઈ તપાસ કરાવવા સ્થાનિક પાર્ટીના હોદ્દેદાર ઘોઘંબા તાલુકા આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ અર્જુનસિંહ બારીયા અને જિલ્લા સમિતિના મહામંત્રી પ્રવિણસિંહ રાઠવાને આરોગ્ય કેન્દ્ર પર જઈને તપાસ કરવા જણાવવામાં આવ્યું હતું. જેથી તેઓએ પાધોરા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી, પરંતુ આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર મળ્યાં ન હતા. હાજર પરના કર્મચારીઓને ડોક્ટર વિશે પૂછ્યું તો તેઓએ કહ્યું કે, બપોરના ૧૨ થી ૪ બ્રેક હોય છે ડોક્ટર ૪ વાગ્યા પછી મળશે તેવું કહેતા ડોક્ટર ની મુલાકાત થઈ શકી નથી. આ આરોગ્ય કેન્દ્રમાં કેટલાં લોકોને રસીકરણ કરવામાં આવ્યું છે. તેની યાદી માંગવામાં આવી ત્યારે કર્મચારીઓએ કહ્યું કે એ યાદી અહી ઉપલબ્ધ નથી.

ત્યારે હવે સવાલ એ થાય છે કે, કોરોના જેવી મહામારીને દુર કરવા માટે વિશ્વ એ જ્યારે રસીકરણનો માર્ગ અપનાવ્યો છે, દેશ અને રાજ્યમાં રસીકરણ માટે જાગૃતિ અભિયાન અને ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. લોકોને જાગૃત કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ઘોઘંબા તાલુકાના આદિવાસી વિસ્તારમાં ખુદ આરોગ્ય કેન્દ્રમાં આવી બોગસ રસીકરણ થઈ હોવાનું બહાર આવ્યું છે. આ એક ગંભીર બાબત છે એમ જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ એ જણાવ્યું હતું અને એમ પણ કહ્યું હતું કે ઘોઘંબા તાલુકાના તમામ આરોગ્ય કેન્દ્રોમાં તપાસ થવી જોઈએ. કોરોનાનો થર્ડ વેવની શક્યતાઓ આરોગ્ય રીસર્ચ સંસ્થાઓ દ્વારા બતાવવામાં આવી છે અને તે માટે સચેત રહેવા જણાવાયું છે. તેમ છતાં ખુદ આરોગ્ય વિભાગની આવી બેદરકારી લોકોના આરોગ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જ જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી દ્વારા આરોગ્યકેન્દ્ર ની મુલાકાત લેવામાં આવી હતી. શું તેઓને પણ ખોટા આંકડા બતાવ્યા હશે કે કેમ અને તેઓએ પણ ગામ લોકો પાસેથી કઈ માહિતી મેળવી હશે કે કેમ તે પણ એક સવાલ ઉભો થાય છે. તો શું જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન માત્ર આરોગ્ય કેન્દ્રની લટાર જ મારવા ગયા હતા.

## હાલોલ અને કાલોલમાં ભુર્ગભ ગટર યોજનાની કામગીરી પૂર્ણ : યોગ્ય રીતે પૂરણ ન થતાં અકસ્માત ભીતી


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

હાલોલ,

હાલોલમાં છેલ્લા કેટલાય સમય થી ભુગર્ભ ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે. ત્યારે હાલોલ નગરવાસીઓ આ ભુર્ગભ ગટર લાઈનની કામગીરીથી નારાજ છે. હાલમાં પડેલ પહેલા વરસાદમાં જ રસ્તાઓ પર મસમોટા ભુવાઓથી લોકો પરેશાન થયા છે. ત્યારે તંત્ર દ્વારા કોઈપણ કામગીરી કરવામાં આવતી નથી.

હાલોલમાં કંજરી રોડ પર આવેલ અનેક રસ્તામાં ભુવા પડવાથી તેમાં કેટલીય કાર અને બીજા મોટા વાહનો પણ ભુવામાં ખાબકી પડવાના બનાવો બનવા પામ્યા છે. ત્યારે આજે હાલોલ નગર પાલિકાને કેટલાય લોકો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. પણ હજુ સુધી તંત્ર દ્વારા ભુગર્ભ ગટરની કામગીરીમાં બરાબર માટી પુરાણ નહી કરેલ હોવાથી મસમોટા ખાડાઓ પડયા છે. જેમાં કેટલાય નાના-મોટા વાહનો પડયા હોવાની ઘટનાઓ બનવા પામી છે. બે દિવસ અગાઉ પણ આવો જ એક બનાવ બનવા કાલોલ માંથી પણ સામે આવ્યો હતો. જેમાં ભુર્ગભ ગટર લાઈનના કામ થયા પછી પૂરણ બરાબર ન કરાતા એક બાઈક ચાલક ખાડામાં પડયો હતો. સદ્દનસીબે બાઈક ચાલકને કોઈ પણ જાતની હાનિ પહોંચી ન હતી. તો શું હાલોલ અને કાલોલ નગર પાલિકાના સત્તાધિશો ભુર્ગભ ગટર લાઈનની થયેલ કામગીરીના કારણે યોગ્ય રીતે પૂરણ ન થતાં મોટી દુર્ઘટના બનવાની રાહો જોઈ રહી છે. તેવું આમ હાલોલ અને કાલોલના નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

**કાલોલ નગરમાં ભૂગર્ભ લાઈનના કામ માટે ખોદેલ માટીના ઢગલો રાહદારીઓ માટે જોખમ કારક.**

કોલેજ પાછળ વોર્ડ નંબર એકમાં આવેલ મહેતા સોસાયટીમાં ભૂર્ગભ લાઈનના કામો પુણે કરવામાં આવ્યાં પરંતુ માટીના ઢબેકા ત્યાં જ રહી ગયા. કહેવાય છે કે સાપ જાય ને લીસોટા રહી જાય તેવી કામગીરી કાલોલ નગર પાલિકાની છે. જેનાં કારણે રાહદારીઓમાં અકસ્માતનો પણ ભય સેવાઈ રહ્યો છે. બે દિવસમાં આ માટીના ઢગલાને લઈ ત્રણ મોટર સાયકલ ચાલકો આ માટીના ઢગલાના શિકાર બની ઈજાગ્રસ્ત થયા છે ત્યારે કોઈ જાનહાની ન થાય તે માટે નગર પાલિકા તંત્ર દ્વારા આ માટી વહેલી તકે હટાવી લેવામાં આવે તેવી નગરજનો વારંવાર રજૂઆતો કરી રહ્યા છે. વરસાદમા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સોસાયટીમાં ભૂર્ગભ લાઈન કામગીરી પૂર્ણ થયાને લાંબા ગાળાનો સમય વીતી જતા પણ ખોદેલ ખાડાના માટીના ઢગલા હટાવ્યા વગર કોન્ટ્રાકટર એ કામગીરી સમેટી લેતા સોસાયટીમાં રહેતા લોકોમાં ભારે રોષ પર્વતી રહ્યો છે. કોન્ટ્રાક્ટર અને નગરપાલિકામાં વારંવાર માટીના ઢગલા હટાવવાની રજૂઆતો કરતાં છતાં પણ જાણે લોકોની રજૂઆતોને આંખ સામે આડાં કાન થતાં હોય તેવું જણાઈ આવે છે.કોન્ટ્રાકટર અને નગરપાલિકાને ભર નિંદ્રામાંથી ઉઠાવવાનો જાગૃત નાગરિક દ્વારા પ્રયત્ન કર્યો છે. લાંબા સમય અગાઉ ભૂગર્ભનુ કામગીરી દરમિયાન મેહતા સોસાયટીમાં માટીના ઢગલા હટાવવાનું કોન્ટ્રાક્ટરએ મુનાસીબ ના સમજતા સોસાયટીના રહીશો અને રાહદારીઓ માટે ચોમાસુ આવતા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાથી માટીના ઢગલા હટાવવા નગરપાલિકાને વારંવાર જાણ કરવા છતાં નગરપાલિકા તંત્ર માટીના ઢગલા ન હટાવતા સોસાયટીના જાગૃત નાગરિક કિરીટ ભાઈ પટેલ સોશિયલ મીડિયામાં કોન્ટ્રાકટર અને નગરપાલિકાની બેકદકારી ના ફોટા પાડીને ન્યાયની મોહાર લગાવી છે. ત્યારે જોવા રહ્યું કે કોન્ટ્રાક્ટર કે નગરપાલિકા તંત્ર માટીના ઢગલાં ક્યારે ઉઠાવશે.

## ગોધરા તાલુકા પોલીસે ચંચેલાવ ગામ નજીકથી ગેરકાયદેસર રીતે ક્રૂરતા પૂર્વક બકરાની હેરફેર કરતા ચાર ઈસમોની કરી અટકાયત

ગોધરા,

ગોધરા તાલુકા પોલીસ નાઈટપેટ્રોલીંગમાં નીકળી હતી. ત્યારે રાત્રીના દોઢ વાગ્યાના સુમારે ગોધરા તાલુકાના ચંચેલાવ ગામ નજીકથી પસાર થતા એક ટાટા પીક્અપ વાનમાં ખીચોખીચ હાલતમાં બકરા ભરેલા હતા. જેને લઈને પોલીસે ટેમ્પો રોકાવીને ચાલક પાસે બકરાની હેરફેર અંગે દસ્તાવેજ જે હેરફેર માટેની પાસ પરમીટ માંગતા તે મળી આવ્યા નહોતા. પોલીસ દ્વારા પાછળના ભાગે ખોલી તપાસ કરતા ૧૪ જેટલા બકરા ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડા વડે દયનીય હાલતમાં બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે ચાલકનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ જુનેદ શબ્બીર ખાન જણાવ્યું હતું.જ્યારે અન્ય એક ઈસમે પોતાનું નામ અબરાર નાસીરભાઈ અરબ જણાવ્યું હતું. બીજી તરફ અન્ય બે વ્યક્તિઓ બાઈક લઈને આવ્યા હતા અને જણાવ્યું હતું કે, આ બકરા તેઓના છે, પરંતુ તેઓ પાસેથી પણ કોઈ પાસ પરમીટ મળી આવી ન હતી. આમ, પોલીસ દ્વારા તેઓની પણ અટકાયત કરી નામઠામ પૂછતાં તેઓએ પોતાના નામ હુસેન અઝીઝ મિસ્ત્રી અને અબ્દુલ અજીજ અબ્દુલ મજીદ શેખ જણાવ્યું હતું. પોલીસે ચારેય ઈસમોની અંગજડતી કરીને ૫ મોબાઈલ ફોન સહિત બકરા, રોકડ રૂપિયા તથા ટેમ્પો મળીને કુલ રૂ ૨.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ ઈસમો સામે પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ તેમજ અન્ય કલમો હેઠળ ગુનો નોંધી બકરાને પરવડી પાંજરાપોળ મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## બોગસ રોયલ્ટી : ટુવા ગામ ખાતે ટ્રક ચાલક દ્વારા બનાવાયું બોગસ રોયલ્ટી પાસ



ગોધરા,

ગોધરા તાલુકાના ટુવા ગામ ખાતે એક ટ્રક ચાલક બોગસ રોયલ્ટી પાસ લઈ સરકારની તિજોરી ને નુકસાન પહોંચાડી રેતી નું વહન કરતા ખાણ ખનીજ વિભાગના અધિકારીની તપાસમાં ઝડપાઈ જતા અધિકારીએ ટ્રક ચાલક વિરુદ્ધ કાકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર દિલીપભાઈ પ્રજાપતિ તેમજ ટીમ તપાસ અર્થે નીકળ્યા હતા. જેમાં ગોધરા તાલુકાના ટુવા ગામ ખાતેથી રબારી ભામુભાઈ નામનો ઈસમ પોતાના કબ્જાની ટ્રક (જી.જે.૧૨.બી.ટી.૫૧૦૭) લઈ પસાર થઈ રહ્યો હતો.જેને રોયલ્ટી ઈન્સ્પેકટર દ્વારા અટકાવી ટ્રકમાં રેતી વહન કરવા અંગેનો રોયલ્ટી પાસ માંગતા ટ્રક ચાલક દ્વારા વર્ષ ૨૦૨૦ થી રદ થયેલા એસ.એસ.પી પાસમાં જયશ્રી ક્રિશ્ના ટ્રેડિંગ કંપની, વેજલપુરના નામનું બોગસ પ્રિન્ટીંગવાળું રોયલ્ટી પાસ તૈયાર કરી સરકારની તિજોરીને આર્થિક નુકસાન પહોંચાડવાના હેતુસર ૩૯.૫૯૦ મેટ્રિક ટન સાદી રેતીનું વહન કરી દંડની રકમ રૂ.૧,૯૭,૯૫૦ ની છેતરપીંડી કરી રોયલ્ટી પાસ ખોટો હોવાનું જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરી ગુન્હો કર્યો હતો. જેથી રોયલ્ટી અધિકારીએ ઉપરોક્ત આરોપી સામે કાયદેસર ની કાર્યવાહી કરવા કાકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા સીટી ટ્રાફિકની સરાહનીય કામગીરી : ૪૫ થી વધુ વય ધરાવતા વ્યકિતઓને વેકસીનેશન કરાવ્યું



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરા સીટી ટ્રાફિક પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી.ટ્રાફિક પોલીસ દ્વારા ૨૦ વધુ વ્યક્તિઓ(૪૫ થી વધુ વય ધરાવતા) કે જેઓ લારી, પથારાવાળા, શાકભાજી વાળા અને રીક્ષા ચાલકોને કોરોના વેકસીનેશન કરાવવામાં આવ્યું.

હાલમાં કોરોના સંક્રમિત કિસો કાબુમાં છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ૧૮ થી ૬૦ વર્ષ વયજુથના તમામ લોકોને કોરોના વેકસીનેશન આપવામાં આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલની સૂચનાથી ગોધરા સીટી ટ્રાફિક પોલીસના મહિલા અધિકારી જે.એન.જાડેજા,ટ્રાફિક પોલીસ કર્મીઓ ગીરીશભાઈ બારીઆ, પ્રવીણભાઈ વાઘેલા વગેરે નાઓએ આજ રોજ શહેરના ૨૦ થી વધુ(૪૫ વર્ષથી વધુ વયજુથના) શહેરીજનો જેમાં લારી, પથારાવાળા, શાકભાજીવાળા, ફ્રૂટનું વેચાણ કરનાર તેમજ રીક્ષા ચાલકોને ગોધરા શહેરના પટેલવાડા વિસ્તારમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોરોના વેકસીનેશન કરાવવામાં આવ્યું હતું અને આ વેકસીનેશન ટ્રાફિક પોલીસના અધિકારીઓ ની હાજરીમાં કરાવવામાં આવ્યું હતું.જે પોલીસ દ્વારા એક સરાહનીય કામગીરી કહી શકાય.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા શહેરના સહજાનંદ સોસાયટી, વૃત્તાંલય વિહારમ,શહેરાભાગોળ સ્થિત સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં હરિભક્તો દ્વારા ભવ્ય આમોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ હરિભક્તો એ ૧૨ કલાકની અખંડ ધૂન પણ કરી હતી.ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તો દ્વારા ભગવાન ને ધરાવવામાં આવેલા ભવ્યાતિભવ્ય આમોત્સવ ના અનોખા દર્શન તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે.

## પાવાગઢમાં રવિવારની રજાને લઈ માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

ગોધરા,

હાલ કોરોનાની ગાઈડ લાઈનમા મહતઅંશે છુટછાટ આપવામાં આવી છે. ત્યારે રજાના દિવસોમાં ધાર્મિક સ્થળો એ લોકોનો મેળાપો જોવા મળ્યો.

પાવાગઢમાં વરસાદને લઈ માંઈ ભકતોમાં અનેરો ઘસારો જોવા મળ્યો. હાલ પાવાગઢમાં વરસાદી વાતાવરણને લઈ મોટી સંખ્યામાં ભકતોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો તેમાં કોરોનાની ગાઈડ લાઈનનો ભંગ થતો પણ જોવા મળી રહયો છે. હાલ કોરોના ગાઈડ લાઈનમાં થોડી ગણી છુટછાટ આપવામાં આવી છે. ત્યારે રવિવારને રજાના દિવસે રાજ્યભર માંથી ડુંગર બિરાજમાન મહાકાળી માંના દર્શનાર્થે માઈ ભકતો ઉમટી પડયા હતા. વરસાદી માહોલ વચ્ચે મહાકાળી માંના દર્શન કરી ભકતો એ ધન્યતા અનુભવે છે. ત્યારે બીજી તરફ એવા દ્રશ્યો પણ સામે આવ્યા. જેમાં લોકો માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું ભાન ભુલતા હોય તેવું જોવાઈ રહ્યું હતું. કોરોનાની ત્રીજી લહેર લાવવામાં આવા જ લોકોનો સિંહ ફાળો હશે તેવું લાગી રહ્યું છે. હાલમાં પાવાગઢમાં વરસાદી માહોલને લઈ લોકો કોરોનાની ગાઈડ લાઈન ભુલતા હોય તેવું દેખાઈ રહયું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીયા પુનાભાઈ જેસીંગભાઈ
મુ. મંડેર, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બુરહાનભાઈ સાદીકઅલી રાવત
મુ. ચીલાકોટા ગોરાડી ફળીયું-ગોરાડી, તા. લીમખેડા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 254